ગુજરાત આદિવાસી વિકાસ પરિષદ, દાહોદ સંચાલિત

# આદિવાસી આર્ટ્સ એણ્ડ કોમર્સ કોલેજ

સ્થાપના : જૂન ૧૯૮૦

સંતરામપુર, જિ.મહીસાગર




# પરિચય પુસ્તિકા

વર્ષ : ૨૦૨૨-૨૦૨૩

સંતરામપુર (મહીસાગર) ૩૮૯૨૬૦


રાષ્ટ્રીય સેવા યોજના
N.S.S.
વાર્ષિક શિબિર















## આદ્યસ્થાપક પ્રમુખશ્રીની કલમે



### મા.શ્રી સોમજીભાઈ ડામોર

''નથી આશા કે અપેક્ષા રાખતો કોઈ માન – સન્માનની
અપેક્ષા કરું છું સત્કાર્યો કરી, રાષ્ટ્રનું ઋણ અદા કરવાની''

વ્હાલા વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો; ૧૯૭૦ ની આસપાસ ગામ કે તાલુકા કક્ષાએ શિક્ષણની વ્યવસ્થા નહિવત હતી. તેના કારણે મને શિક્ષણ મેળવવામાં ઘણી મુશ્કેલીઓ પડી હતી. આવી મુશ્કેલીઓ મારા વિસ્તારના બાળકોને ના પડે તે માટે કોંગ્રેસ પક્ષમાંથી સાંસદ તરીકે ચૂંટાયા પછી આ વિસ્તારમાં ડાહ્યાભાઈ નાયક અને ઠક્કરબાપાના પગલે મેં પણ વિચાર્યું કે આદિવાસી સમાજનો વિકાસ કરવો હશે તો શિક્ષણ એ જ ઉત્તમ ઉપાય છે. ભણતર વગર ચણતર કે ગણતર નહિ આવે. લોકશાહીમાં શાસન અને પ્રશાસનમાં ભાગીદાર બનવા શિક્ષણરૂપી જ્યોતને પછાત વિસ્તારમાં આશ્રમશાળા, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક તેમજ ઉચ્ચ શિક્ષણક્ષેત્રે સંતરામપુર, ભીલોડા જેવા સ્થળોએ કોલેજોની સ્થાપના કરી. સંતરામપુર આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજની ઈ.સ. ૧૯૮૦ માં સ્થાપના થઈ. વિષય વૈવિધ્ય અને વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે માટે કોલેજના પૂર્વ અને વર્તમાન આચાર્ય તેમજ અધ્યાપકો અને કર્મચારીઓ અથાગ પ્રયત્ન કરી રહ્યા છે. આજે લગભગ ૭૦ જેટલી અન્ય સંસ્થાઓને કોલેજ માર્ગદર્શકરૂપ બની રહી છે. પછાત – વંચિત વિદ્યાર્થીઓનું શિક્ષણથી ભાવિ ઉજ્જવળ થાય તેવી શુભેચ્છા સાથે કોલેજના કાર્યને અભિનંદુ છું.

## પ્રમુખશ્રીની કલમે



### શ્રી વનરાજસિંહ ડામોર

પ્રમુખશ્રી, ગુજરાત આદિવાસી વિકાસ પરિષદ, દાહોદ

વિદ્યાર્થી મિત્રો, આદરણિય સોમજીભાઇ ડામોર પ્રગટાવેલ જ્ઞાન જ્યોત વટવૃક્ષ બની સમગ્ર વિસ્તારને પ્રકાશિત કરી રહી છે. ગુજરાત આદિવાસી વિકાસ પરિષદ દાહોદ સંચાલિત વિવિધ સંસ્થાઓ મહીસાગર, સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, દાહોદ અને છોટાઉદેપુર જેવા જિલ્લાઓમાં આદિવાસી વંચિત પછાત બાળકોને મફત શિક્ષણ આપી રહી છે. આ સર્વમાં આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સંતરામપુર અદ્વિતીય છે. સંતરામપુર આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં વિષય વૈવિધ્યની સાથે સાથે NCC, NSS, SSIP, બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ. કેન્દ્ર જેવી ઘડતરમાં ઉપયોગી થાય તેવી તેમજ આદિવાસી સંસ્કૃતિના કાર્યક્રમો, સેમિનાર, વર્કશોપ, પ્રવાસ જેવી પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓનો સંર્વાંગિક વિકાસ કરવામાં આવે છે. ૧૯૮૦ માં સ્થપાયેલ કોલેજમાંથી IPS વહિવટી અધિકારી, પ્રોફેસર તેમજ સંરક્ષણ વિભાગમાં અસંખ્ય વિદ્યાર્થીઓ સેવા આપી રાષ્ટ્રીય ઘડતરનું કામ કરે છે. કોલેજના ઉત્તમ કાર્યો માટે આચાર્યશ્રી તેમજ સમગ્ર સ્ટાફને અભિનંદન સાથે વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભાવિ માટે હાર્દિક શુભેચ્છાઓ.

## આચાર્યશ્રીની કલમે....



### પ્રિ. ડૉ. અભય પરમાર

વિદ્યાર્થી મિત્રો, આ નાનકડી પરિચય પુસ્તિકા તમારા માટે ભોમિયાની ગરજ સારશે. આદરણીય સોમજીભાઇ તથા પ્રમુખશ્રી વનરાજસિંહ ડામોરના નેજા હેઠળ અત્રેની કોલેજના પ્રિન્સિપાલ તરીકે હું કાર્યરત છું. બાબાસાહેબ આંબેડકર, બિરસામુંડા કે જ્યોતિબા ફૂલે જેવા વંચિતોના મહાનાયકોએ કહ્યું છે કે, વિદ્યાના અભાવે મતિ નાશ પામે છે, મતિના અભાવે નીતિ નાશ પામે છે, નીતિના અભાવે સંપત્તિ નાશ પામે છે અને સંપત્તિના અભાવે આપણું પતન થાય છે. આપણે પ્રથમ પગથિયે જ આ ભુલને સુધારી વિદ્યાને વરીએ. બાબાસાહેબ આંબેડકરે પણ કહ્યું છે કે શિક્ષણ એ સાવજનું દૂધ છે. એ જે પીવે તે ત્રાડ નાખે છે. આપણી અસ્મિતા અને અસ્તિત્વના મૂળમાં રામબાણરૂપે શિક્ષણ છે. શ્રી સોમજીભાઇએ આ વિસ્તારના બાળકો માટે વિશાળ હૃદયે શિક્ષણનો ખજાનો ખલ્લો મુક્યો છે. આપણી કોલેજમાં વિદ્વાન અધ્યાપકો અને વિષય વૈવિધ્ય ઉપરાંત સાંસ્કૃતિક કાર્યક્રમો જેવા કે NCC, NSS, SSIP, બી.એ.ઓ.યુ. કેન્દ્ર અને સેમિનાર, વર્કશોપ, પ્રવાસ જેવી વિવિધ પ્રવૃત્તિથી વિદ્યાર્થીઓમાં સર્વાંગિ વિકાસ થાય છે. ભવિષ્યમાં કટોકટીમાં આપણો વિદ્યાર્થી બજાર કે જીવનમાં સંઘર્ષમાં ટકી રહે અને એની આગવી કેડી ચાતરે તેવી આશા સાથે આ પરિચય પુસ્તિકા આપની સમક્ષ મૂકતાં હું આનંદ અનુભવું છું.

# કોલેજના શૈક્ષણિક કર્મચારીઓની માહિતી



**હિન્દી વિભાગ**
**આચાર્ય**
**પ્રિ. ડૉ. અભય પરમાર**
M.A., Ph.D.
Ph.D. Guide



**અંગ્રેજી વિભાગ**
**ડૉ.માલિની ગૌતમ**
**એસોસિએટ પ્રોફેસર**
M.A., Ph.D.



**હિન્દી વિભાગ**
**ઉપાચાર્ય**
**ડૉ. ઈશ્વરભાઇ રાઠવા**
**એસોસિએટ પ્રોફેસર**
M.A., M.Phil., Ph.D.



**અંગ્રેજી વિભાગ**
**પ્રો. દિપ્તી ક્રિશ્ચિયન**
**એસોસિએટ પ્રોફેસર**
M.A.



**ગુજરાતી વિભાગ**
**(અધ્યક્ષ)**
**ડૉ. શંકરભાઇ પ્રજાપતિ**
**એસોસિએટ પ્રોફેસર**
M.A., ATD., Ph.D.
Ph.D. Guide.



**સંસ્કૃત વિભાગ**
**(અધ્યક્ષ)**
**પ્રો. આર. એમ. શેખ**
**એસોસિએટ પ્રોફેસર**
M.A.



**ગુજરાતી વિભાગ**
**પ્રો. નીતિન પંડ્યા**
**એસોસિએટ પ્રોફેસર**
M.A., B.Ed.



**અંગ્રેજી વિભાગ**
**(અધ્યક્ષ)**
**પ્રો. દેવરાજ નંદા**
**એસોસિએટ પ્રોફેસર**
M.A.

# કોલેજના શૈક્ષણિક કર્મચારીઓની માહિતી



ઈતિહાસ વિભાગ
(અધ્યક્ષ)
ડૉ.અમૃત જી. ઠાકોર
એસોસિએટ પ્રોફેસર
M.A., M.Phil., Ph.D.



ઈતિહાસ વિભાગ
પ્રો. શકુન્તલા એસ. બલાત
એસોસિએટ પ્રોફેસર
M.A., B.Ed.
Pursuing Ph.D.



ઈતિહાસ વિભાગ
પ્રો. ભારતીબેન ડી. ધનુલા
આસિસ્ટન્ટ પ્રોફેસર
M.A., M.Phil., GSET,
Pursuing Ph.D.



સમાજશાસ્ત્ર વિભાગ
(અધ્યક્ષ)
પ્રો. પારૂલબેન એમ. દાણી
એસોસિએટ પ્રોફેસર
M.A.,



સમાજશાસ્ત્ર વિભાગ
ડૉ. કામિની દશોરા
આસિસ્ટન્ટ પ્રોફેસર
M.A., M.Phil., GSET,
Ph.D. Guide.



મનોવિજ્ઞાન વિભાગ
(અધ્યક્ષ)
પ્રો. ડી.ડી. વસાવા
એસોસિએટ પ્રોફેસર
M.A.



મનોવિજ્ઞાન વિભાગ
ડૉ. હિતેશ આર. વાઢિયા
આસિસ્ટન્ટ પ્રોફેસર
M.A., M.Phil.,Ph.D.,
GSET, Ph.D. Guide



કોમર્સ વિભાગ
(અધ્યક્ષ)
ડૉ. મોહમંદ ઈશાક જી. પટેલ
એસોસિએટ પ્રોફેસર
M.Com. (Gold Medal)
Ph.D. (Commerce &
Accountancy)



કોમર્સ - આંકડાશાસ્ત્ર
(અધ્યક્ષ)
પ્રો. રમેશચંદ્ર પી. પરમાર
એસોસીએટ પ્રોફેસર
M.Com. (Statistics),
B.Ed. (Artithmetic &
Geography),
Pursuing Ph.D.

## કોલેજના બિન શૈક્ષણિક કર્મચારીઓની માહિતી



શ્રી ઇશ્વરભાઇ એલ. ડામોર
સિનિયર કલાર્ક



શ્રી મકસુદભાઇ દાઉદ
સિનિયર કલાર્ક


## સેવક ભાઈઓ



શ્રી અમરસિંહ એલ. ખાંટ



શ્રી શીવાભાઇ કે. ડામોર



શ્રી મગનભાઇ એસ. પરમાર

## કોલેજમાં ચાલતા અન્ય વિભાગો

**NSS**
સંયોજક
ડૉ. અમૃત જી. ઠાકોર
સહસંયોજક
પ્રો. શકુન્તલા બલાત

**NCC**
લેફ્ટ. હિતેશ વાઢીયા
NCC ઓફિસર, S.D.

લેફ્ટ. કામિની દશોરા
NCC ઓફિસર, S.W.

**CWDC**
Collegiate Women's Development Committee
સંયોજક
પ્રો. પારૂલબેન દાણી

સહસંયોજક
ડૉ. માલિની ગૌતમ

**BAOU Center**
ડાયરેક્ટર
ડૉ. ઇશ્વરભાઇ એલ. રાઠવા

# ADIWASI ARTS & COMMERCE COLLEGE, SANTRAMPUR

## *Academic and Administrative Committees-2022-23*

| | |
|---|---|
| **ADMISSION** | |
| 1. | Dr. S.V. PRAJAPATI |
| 2. | Prof. R.P. PARMAR |
| 3. | Prof. P.H. DANI |
| **TIME TABLE** | |
| 1. | Dr. S.V. PRAJAPATI |
| 2. | Prof. R.P. PARMAR |
| **IQAC & NAAC** | |
| 1. | Dr. ABBAY PARMAR (Chairperson) |
| 2. | Shri VANRAJSINGH DAMOR. (President) |
| 3. | Prof. DR. KUBESRBHAI DINDOR (Alumni & Honourable Minister of Higher Education) |
| 4. | Dr. K.B. DASHORA (Coordinator) |
| 5. | Dr. S.V. PRAJAPATI |
| 6. | Prof. R.P. PARMAR |
| 7. | Prof. DEVRAJ NANDA |
| 8. | Dr. MALINI GAUTAM |
| 9. | Prof. S.S. BALAT |
| 10. | Dr. H.R. VADHIYA |
| 11. | Prof. B. D. DHANULA |
| 12. | Shri ISHWAR DAMOR |
| **EXAMINATION** | |
| 1. | Dr. S.V. PRAJAPATI - (COORDINATOR) |
| 2. | Prof. N.D. PANDYA |
| 3. | Prof. D.D. VASAVA |

| | |
|---|---|
| 4. | Prof. S.S. BALAT |
| 5. | Dr. M.G. PATEL |
| 6. | Prof. B.D. DHANULA |
| **CULTURAL PROGRAM** | |
| 1. | Dr. I.L. RATHWA (Coordinator) |
| 2. | Prof. DEVRAJ NANDA |
| 3. | Dr. K.B. DASHORA |
| 4. | Dr. H.R. VADHIYA |
| 5. | Prof. B.D. DHANULA |
| **WALL PAPER DISPLAY** | |
| 1. | Prof. N.D. PANDYA (Coordinator) |
| 2. | Dr. A.G. THAKOR |
| **DISCIPLINE** | |
| 1. | Prof. D.D. VASAVA (Coordinator) |
| 2. | Prof. S.S. BALAT |
| 3. | Dr. HITESH VADHIYA |
| **PARENT ASSOCIATION** | |
| 1. | Dr. S.V. PRAJA[ATI ( COORDINATOR) |
| 2. | Prof. P.H. DANI |
| 3. | Dr. M.G. PATEL |
| **TOUR & EXCURSION** | |
| 1. | Prof. N.D. PANDYA ( COORDINATOR) |
| 2. | Dr. MALINI GAUTAM |
| 3. | Prof. D.D. VASAVA |
| 4. | Dr. A.G. THAKOR |
| 5. | Dr. M.G. PATEL |

| | |
|---|---|
| **ALUMNI ASSOCIATION** | |
| 1. | Prof. N. D. PANDYA (Cooridnator) |
| 2. | Prof. PARUL DANI |
| 3. | Prof. D.D. VASAVA |
| 4. | Prof. A.G. THAKOR |
| **READER'S CLUB** | |
| 1. | Dr. S.V. PRAJAPATI (Cooridnator) |
| 2. | Dr. MALINI GAUTAM |
| 3. | Dr. A.G. THAKOR |
| 4. | Prof. A.M SHAIKH |
| 5. | Dr. K.B. DASHORA |
| 6. | DR. HITESH VADHIYA |
| **SPORTS** | |
| 1. | Dr. HITESH VADHIYA (Cooridnator) |
| 2. | Dr. MALNI GAUTAM |
| 3. | Prof. D.D. VASAVA |
| 4. | Mrs. KOKILABEN KHANT |
| **CLEAN INDIA DRIVE** | |
| 1. | Prof. N.D. PANDYA (Cooridnator) |
| 2. | Dr. A.G. THAKOR |
| 3. | Prof. S.S. BALAT |
| 4. | Dr. K. B. DASHORA |
| 5. | Dr. HITESH VADHIYA |
| **STUDENT UNION** | |
| 1. | Dr. S.V. PRAJAPATI (Cooridnator) |
| 2. | Dr. MALINI GAUTAM |
| 3. | Dr. A.G. THAKOR |

| GRIEVANCE & REDRESSAL | |
|---|---|
| 1. | Dr. S.V. PRAJAPATI (Cooridnator) |
| 2. | Prof. R.P. PARMAR |
| 3. | Prof. P.H. DANI |
| 4. | Dr. MALINI GAUTAM |
| **WATER HARVESTING** | |
| 1. | Prof. N.D. PANDYA (Cooridnator) |
| 2. | Prof. D.D. VASAVA |
| 3. | Dr. A.G. THAKOR |
| **YOGA & MEDITATION** | |
| 1. | Prof. N.D. PANDYA (Cooridnator) |
| 2. | Dr. MALINI GAUTAM |
| 3. | Dr. HITESH VADHIYA |
| **CAMPUS RE-FORESTING** | |
| 1. | Dr. A.G. THAKOR (Cooridnator) |
| 2. | Prof. N.D. PANDYA |
| 4. | Prof. R.M. SHAIKH |
| **CAREER COUNSELLING** | |
| 1. | Dr. HITESH VADHIYA (Cooridnator) |
| 2. | Prof. R. P. PARMAR |

## અન્ય સુવિવધાઓ

- ઉત્તમ લાઇબ્રેરી
- શુદ્ધ ઠંડુ પાણી
- સ્ટાફ રૂમ
- કેન્ટીન
- ઔષધિય બાગ
- ગર્લ્સ રૂમ
- સેમિનાર હોલ
- થિએટર સ્ટેજ
- IQAC અને પરીક્ષા રૂમ
- રમત-પરેડ ગ્રાઉન્ડ
- રીડીંગ રૂમ
- કોમ્પ્યુટર લેબ

# આદિવાસી આર્ટ્સ એણ્ડ કોમર્સ કોલેજ

## નિયમો

૧. વિદ્યાર્થીએ જે વિષયમાં પ્રવેશ મેળવેલ હશે તે વિષયો કોઇપણ સંજોગોમાં બદલી શકાશે નહી.

૨. યુનિ. દ્વારા નિયત કરાયેલ એનરોલમેન્ટ ફોર્મ તેની નિયત તારીખ (૩૧ જુલાઇ પહેલા) નહી ભરનારનો પ્રવેશ આપોઆપ રદ બાતલ થશે.

૩. કોલેજમાં તાસ શરૂ થાય એ સમયે આવી જવાનું રહેશે. બહારગામથી આવતા વિદ્યાર્થીઓએ પહેલી બસથી આવવાનું રહેશે. કોલેજ સમય દરમિયાન થતી પ્રત્યેક પ્રવૃતિ (જેવી કે સેમિનાર, વ્યાખ્યાનો) શૈક્ષણિક કાર્યના ભાગરૂપે ગણાશે. રમત–ગમત સાંસ્કૃતિક કે અન્ય પ્રવૃત્તિમાં શિસ્ત કે ઔચિત્ય નિયમ ભંગ બદલ સમિતિ કે આચાર્ય દંડ / સંસ્પેશન કે અન્ય જે નિર્ણયો લેશે એ વિદ્યાર્થીને બંધનકર્તા રહેશે.

૪. કોલેજના પ્રત્યેક સત્રમાં હાજર રહેવું આવશ્યક છે. વિદ્યાર્થી પાસેથી માસમાં ૮૦% હાજરીની અપેક્ષા રાખવામાં આવે છે, આનાથી ઓછી હાજરી હશે તો એ માસ દરમિયાન ચાલેલો અભ્યાસક્રમ વિદ્યાર્થીએ જાતે તૈયાર કરવાનો રહેશે અને અભ્યાસક્રમના વાંચન અને લેખન અસાઇનમેન્ટ વર્ક આપવામાં આવશે જે વિદ્યાર્થીએ હાજરીની ઉણપ પેટે આપવાનું રહેશે.

૫. વિવિધ પ્રકારની રજાઓ પછી કોલેજ ખુલ્યા બાદ તે જ દિવસથી હાજરી ગણાશે.

૬. બીજા સત્ર દરમિયાન યુનિ. દ્વારા પરીક્ષા ફોર્મ ભરવા માટેની જે નિયત તારીખ થાય તે તારીખ પહેલા પરીક્ષા ફોર્મ નહી ભરનાર વિદ્યાર્થી યુનિ. પરીક્ષામાં બેસી શકશે નહી.

૭. વિદ્યાર્થી બધા જ તાસમાં હાજર હશે તો જ તે દિવસની હાજરી ગણાશે, કોલેજમાં આવી રજા વગર ચાલ્યા જવું એ ગેરશિસ્ત ગણાશે.

૮. દરેક વિદ્યાર્થીએ Reading Assignment અથવા Writing Assignment આપવામાં આવે તે ફરજિયાત કરવાનું રહેશે. નિયત કરેલ Assignment આપ્યા હશે તો જ સત્ર માન્ય ગણાશે. Assignment સત્રકાર્યનો ભાગ ગણાશે.

૯. તમામ આંતરિક કસોટીમાં બેસવાનું બધા વિદ્યાર્થીઓ માટે ફરજિયાત છે. વધારાની આંતરિક કસોટી લેવી કોલેજ માટે ફરજિયાત નથી, પૂર્વ સંમત્તિ વિના મુક્તિ મળી શકશે નહી.

૧૦. ફી નિયત સમય દરમિયાન જ પુરેપુરી ભરવાની રહેશે. પુરેપુરી ફી નહી ભરનાર વિદ્યાર્થીનો પ્રવેશ રદ થવાને પાત્ર ગણાશે. પ્રત્યેક ચુકવણીની પહોંચ લેવાની અને સાચવી રાખવાની જવાબદારી વિદ્યાર્થીની રહેશે.

૧૧. કોઇપણ બાકી લેણાં અંગે ફોર્મ રોકવા સુધીના પગલાં લઇ શકાશે.

૧૨. વર્ગ સંચાલન વ્યસ્થિત અને અસરકારક થાયએ માટે સહકાર આપવાની બધા વિદ્યાર્થીઓની ફરજ અને વર્ગ સંચાલન નિમિત્તે પ્રાધ્યાપક સાહેબ શિસ્ત જાળવવા ખાતર જે આદેશ આપે તેનું પાલન વિદ્યાર્થીઓએ તરત જ કરવાનું રહેશે. વર્ગમાં આ અંગે કોઇ વિવાદ થઇ શકશે નહીં.

૧૩. પ્રત્યેક વિષયના પાઠ્ય પુસ્તક કોલેજ શરૂ થાય તે પહેલા ખરીદવાના રહેશે. અને વગ્રખંડમાં પાઠ્યપુસ્તક સાથે જ આવવાનું રહેશે.

૧૪. ગ્રંથાલય અને વાંચનાલયના સતત ઉપયોગની વિદ્યાર્થીઓ પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે. પુસ્તક પ્રાપ્તિ માટે વિદ્યાર્થીઓને બે ટિકિટો ગ્રંથાલયમાં અપાતા પુસ્તકો માટે આપવામાં આવશે.

૧૫. ગ્રંથાલયના પુસ્તકો વાર્ષિક પરીક્ષા પત્યા પછી ત્રણ દિવસમાં પરત કરવાના રહેશે.

૧૬. કોલેજ ચાલુ હોય તો એ સમયના સરનામે અને બંધ હોય તો કાયમી સરનામે પત્ર લખાશે અને તે સંબંધિત વિદ્યાર્થીને મળી ગયેલો જ ગણાશે. સરનામામાં ફેરફાર થાય તો વિદ્યાર્થીએ કાર્યાલયને લેખીત જાણ કરવી.

૧૭. અન્ય યુનિવર્સીટીમાંથી આવનાર વિદ્યાર્થીએ દાખલ થતી વખતે પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફિકેટ આપવાનું રહેશે અને ફાઇનલ એલીજીબીલીટી સર્ટીફિકેટ ન આપે ત્યાં સુધી પ્રવેશની જવાબદારી તેમની રહેશે.

૧૮. ઇ.બી.સી. / બી.સી. સ્કોલરશીપ ફોર્મ સમયસર નહી ભરનાર વિદ્યાર્થી જે તે સ્કોલરશિપ / ફ્રી શીપ માટે પાત્ર રહેશે નહી.

૧૯. શિષ્યવૃત્તિ બાબતે ઓનલાઇન અરજી કર્યા પછી જે તે વિદ્યાર્થીની જવાબદારી રહેશે.

૨૦. બહારગામથી આવતા વિદ્યાર્થીઓએ કન્સેશન પાસ મેળવવા અંગે પ્રવેશ બાદ એક સપ્તાહ દરમિયાન જ કાર્યવાહી કરવાની રહેશે.

૨૧. કોલેજના નીતિનિયમો અનુસાર શિસ્તમય વર્તનની દરેક વિદ્યાર્થી પાસેથી અપેક્ષા રખાય છે એ પ્રમાણે નહી વર્તનાર શિક્ષાને પાત્ર બનશે, ગુનાહીત પ્રવૃત્તિ, હિંસા કે ત્રાસ કોઇપણ પ્રકારની સંકુચિતતાનો ઉપયોગ કે પ્રચાર એ ગેરશિસ્ત ગણાશે. કોલેજની કોઇપણ પ્રવૃત્તિમાં બહારના તત્ત્વોનો સાથ અશિસ્ત ગણાશે.

૨૨. કોલેજ નિયમોમાં સુધારા વધારા કરી શકશે અને વિદ્યાર્થીને બંધનકર્તા રહેશે.

૨૩. વિદ્યાર્થી મંડળની રચના ગુણવત્તાના ધોરણે વરણી પદ્ધતિથી જ થવાની છે. તે પદ્ધતિ વિદ્યાર્થીને બંધનકર્તા રહેશે.

૨૪. ગુટકા, બીડી, સિગારેટ, પાન-મસાલા કે નશીલા માદક દ્રવ્યોનું સેવન કરીને આવનાર કે સાથે રાખનાર વિદ્યાર્થીનો પ્રવેશ તત્કાલિક ધોરણે રદ થવાને પાત્ર રહેશે.

૨૫. કોલેજમાં મોબાઇલ લઇને આવવા ઉપર સખત પ્રતિબંધ છે. આ નિયમનું ઉલ્લંઘન કરનાર વિદ્યાર્થીનો પ્રવેશ તાત્કાલિક અસરથી રદ થશે.

૨૬. ઉપરોક્ત તમામ શરતો / નિયમો અમો (વિદ્યાર્થી અને વાલી)એ વાંચ્યા છે. તેમાંથી કોઇપણ શરત કે નિયમનું ઉલ્લંઘન થશે તો કોલેજના આચાર્ય સાહેબ દ્વારા જે કંઇ પગલા ભરવામાં આવશે તે મને કબુલ-મંજુર રહેશે.

૨૭. કોલેજ ભૌતિક સપંત્તિ તથા અન્ય ઉપકરણો જેવા કે પંખા, ટયુબલાઇટ તથા ઇલેક્ટ્રીક સાધનોના નુકશાન પહોંચાડનાર પાસે દંડ વસુલવામાં આવશે.

ઉપરના બધા જ નિયમો મેં વાંચ્યા છે અને હું બરાબર સમજ્યો છું તેમજ મને કબુલ-મંજુર છે અને તે મુજબ વર્તવાની બાહેંધરી આપું છું.

| | |
|---|---|
| વિદ્યાર્થીની સહી | વાલીની સહી |

## ઓડમિશન ફોર્મ સેમિસ્ટર- I, II

## બી.એ. સેમિસ્ટર – ૧ અને ૨ માટે વિષય ગૃપ

ફરજીયાત વિષય :-

(૧) અંગ્રેજી (૨) સંસ્કૃત (૩) ફાઉન્ડેશન (૪) સોફ્ટ સ્કિલ

| ગૃપ | Core-I મુખ્ય વિષય | Subject Elective-I પ્રથમ ગૌણ | Subject Elective-II બીજો ગૌણ |
|---|---|---|---|
| ૧. | સંસ્કૃત | મનોવિજ્ઞાન | હિન્દી |
| ૨. | સંસ્કૃત | સમાજશાસ્ત્ર | ગુજરાતી |
| ૩. | અંગ્રેજી | ગુજરાતી | ઇતિહાસ |
| ૪. | અંગ્રેજી | સમાજશાસ્ત્ર | મનોવિજ્ઞાન |
| ૫. | મનોવિજ્ઞાન | હિન્દી | સંસ્કૃત |
| ૬. | ગુજરાતી | ઇતિહાસ | સમાજશાસ્ત્ર |
| ૭. | ગુજરાતી | સંસ્કૃત | ઇતિહાસ |
| ૮. | હિન્દી | મનોવિજ્ઞાન | ગુજરાતી |
| ૯. | હિન્દી | ગુજરાતી | મનોવિજ્ઞાન |
| ૧૦. | મનોવિજ્ઞાન | સંસ્કૃત | સમાજશાસ્ત્ર |
| ૧૧. | મનોવિજ્ઞાન | ઇતિહાસ | સંસ્કૃત |
| ૧૨. | ઇતિહાસ | ગુજરાતી | સંસ્કૃત |
| ૧૩. | ઇતિહાસ | સમાજશાસ્ત્ર | હિન્દી |
| ૧૪. | સમાજશાસ્ત્ર | મનોવિજ્ઞાન | ગુજરાતી |
| ૧૫. | સમાજશાસ્ત્ર | હિન્દી | ઇતિહાસ |

નીચે દર્શાવેલ સપ્તધારામાંથી કોઇ પણ એક વિષય ફરજિયાત છે. (ટીક કરો ✓)

૧) જ્ઞાન ધારા
૨) સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા
૩) કલા કૌશલ્ય ધારા
૪) નાટ્યધારા
૫) વ્યાયામ – યોગ – ખેલકૂદ ધારા
૬) ગીત–સંગીત–ખેલ કૂદ ધારા
૭) સામુદાયિક સેવા ધારા

## કોલેજમાં ચાલતા અન્ય વિભાગો

(1) NSS (2) NCC (3) CWDC (4) BAOU (5) SSIP

# એડમિશન ફોર્મ (B.Com.)

નીચે દર્શાવેલ સમધારામાંથી કોઇ પણ એક વિષય ફરજિયાત છે. (ટીક કરો ✓)

| B.Com SEM - I | |
|---|---|
| No. | SUBJECT |
| 1. | GENERAL ACCOUNTANCY- I |
| 2. | ECONOMICS - I |
| 3. | H.R.M. |
| 4. | C.C.-I |
| 5. | GENERAL ENGLISH |
| 6. | FINANCIAL ACCOUNTING - I |
| 7. | STATISTICS - I |
| 8. | TALLY ACCOUNTAING FOUNDATION |
| 9. | PERSONALITY DEVELOPMENT SOFT-SKILL |

| B.Com SEM - III | |
|---|---|
| No. | SUBJECT |
| 1. | ECONOMICS - I |
| 2. | I.F.S. |
| 3. | TAXATION - I |
| 4. | C.C. III |
| 5. | STATISTICS - I |
| 6. | COST ACCOUNTING - I |
| 7. | CORPORATE ACCOUNTING |
| 8. | TOURISM MANAGEMENT FOUNDATION |
| 9. | COMPANY SECRETARY SOFT-SKILL |

| B.Com SEM - IV | |
|---|---|
| No. | SUBJECT |
| 1. | ECONOMICS - I |
| 2. | C.C. |
| 3. | BUSINESS LAW - I |
| 4. | STATISTICS - I |
| 5. | F. FINANCIAL MGT. |
| 6. | COST & FINANCIAL A/C. |
| 7. | MANAGEMENT ACCOUNTING - I |
| 8. | DISASTER MANAGEMENT FOUNDATION |
| 9. | MARKET RESEARCH SOFT-SKILL |

## સ્કોલરશીપ માટે વિદ્યાર્થીએ ફરજીયાત આપવાના દસ્તાવેજો.

૧) આવકનો દાખલો, મામલતદાર, ગ્રામપંચાયત, પિતા જો હયાત ના હોયતો માતાના નામનો આવકનો દાખલો, પિતાના મરણનો દાખલો માતા–પિતા બન્ને હયાત ન હોયતો બન્નેના મરણનો દાખલો તથા પરિવારના વડીલની આવકનો દાખલો કોઈ પણ સંજોગોમાં ત્રણ વર્ષ થી જુનો આવકનો દાખલો ચાલવવામાં આવશે નહી.

૨) જે મોબાઈલ નંબર રાષ્ટ્રીયકૃત બેન્કના ખાતા નંબર સાથે જોડાયેલ હોય તે જ બેન્કનાં ખાતા નંબર આપવા.

૩) ધોરણ ૧૨ પછી અભ્યાસ છૂટી ગયેલ હોય તો તેના સબળ કારણો અંગેનું એફિડેવિટ કરાવવું.

૪) વિદ્યાર્થીએ શિષ્યવૃત્તિનુ ફોર્મ ઓન લાઇન ભરવાનું હોય આ અંગે કોઇ ક્ષતિ રહી જશે તો તેની જવાબદારી વિદ્યાર્થીનસ રહેશે.

## Services Provided By the Library

૧. ન્યુઝ પેપર
૨. સંદર્ભ પુસ્તકો (Reference Book)
૩. સામયિકો
૪. કરેન્ટ અફેર્સ (વર્તમાન પ્રવાહ)
૫. GPSC, UPSC, NET, GSET વગેરે પુસ્તકો – સ્પર્ધાત્મક પરીક્ષાઓને લગતા પુસ્તકો
૬. શબ્દકોષ
૭. CD, DVD (નવલકથા, શબ્દકોષ, વગેરેની)
૮. સામાન્ય જ્ઞાન ની પુસ્તકો
૯. જુના પ્રશ્નપત્રો
૧૦. SOUL SOFTWARE 3.0 ( OPAC )

# અબ્રાહિમ લિંકનનો પત્ર

મારો પુત્ર આજે શાળા શરૂ કરે છે. આ બધું તેના માટે થોડા સમય માટે વિચિત્ર અને નવું હશે અને હું ઇચ્છું છું કે તમે તેની સાથે નરમાશથી વર્તે. તે એક સાહસ છે જે તેને સમગ્ર ખંડોમાં લઇ જઇ છે. તમામ સાહસો જેમાં સંભવતઃયુદ્ધો, દુર્ઘટના અને દુઃખનો સમાવેશ છે. આ જીવન જીવામાં વિશ્વાસ, પ્રેમ અને હિંમતની જરૂર પડશે.

તેથી પ્રિય શિક્ષક, શું તમે કૃપા કરીને તેનો હાથ પકડીને તેને શીખવશો કે તેને જાણવાની જરૂર હશે, તેને શીખવશો – પણ જો તમે કરી શકો તો હળવાશથી.

તેને શીખવો કે દરેક દુશ્મન માટે એક મિત્ર હોય છે. તેણે માણવું પડશે કે બધા માણસો ન્યાયી નથી, બધા માણસો સાચા નથી.

પણ તેને એ પણ શીખવો કે દરેક બદમાશ માટે એક હીરો હોય છે. દરેક કુટિલ રાકારણી માટે એક સમર્પિત નેતા હોય છે.

જો તમે કરી શકો તો તેને શીખવો કે મળેલા ડોલર કરતાં ૧૦ સેન્ટરની કમાણી વધુ મૂલ્યવાન છે.

શાળામાં, શિક્ષકમાં, છેતરપિંડી કરતાં નાપાસ થવું વધુ સન્માનજનક છે. તેને કેવી રીતે આકર્ષક રીતે હારવું તે શીખો, અને જયારે તે જીતે ત્યારે જીતવાનો આનંદ માણો.તેને લોકો સાથે નમ્રતા અને કઠિન લોકો સાથે કડક બનવાનું શીખવો.

જો તમે કરી શકો તો તેને શીખવો – જયારે તે ઉદાસ હોય ત્યારે કેવી રીતે હસવું, તેને શીખવો કે આંસુમાં કોઇ શરમ નથી.

તેને શીખવો કે નિષ્ફળતાાં ગૌરવ અને સફળતામાં નિરાશા હોઇ શકે છે. તેને નિંદાઓ પર ઉપહાસ કરતાં શીખવો.

જો તમે પુસ્તકોના અજાયબીઓ શીખવી શકો તો તેને શીખવો, પરંતુ આકાશમાં પક્ષીઓ, સૂર્યમાં મધમાખીઓ અને લીલા ટેકરી પરના ફૂલોના આત્યંતિક રહસ્ય પર વિચાર કરવા માટે પણ સમય આપો. તેને તેના પોતાના વિચારોમાં વિશ્વાસ રાખવાનું શીખવો, ભલે દરેક તેને કહે કે તેઓ ખોટા છે.

મારા પુત્રને શકિત આપવાનો પ્રયાસ કરો કે જયારે બીજા બધા તે કરી રહ્યા હોય ત્યારે ભીડને અનુસરે નહીં.

તેને દરેકનું સાંભળવાનું શીખવો, પરંતુ તેને સત્યના પડદા પર જે સાંભળે છે તે બધું ફિલ્ટર કરવાનું પણ શીખવો અને જે સારું થાય તે જ લે.

તેને તેની પ્રતિભા અને મગજ સૌથી વધુ બોલી લગાવનારને વેચવાનું શીખવો પરંતુ તેના હૃદય અને આત્મા પર કયારેય કિંમત ન લગાડો. તેને અધીર થવાની હિંમત કરવા દો., તેને દર્દીને બહાદુર બનવા દો.

તેને પોતાનામાં ઉત્કૃષ્ટ વિશ્વાસ રાખવાનું શીખવો, કારણ કે તે પછી તે હંમેશા માનવજાતમાં, ભગવાનમાં ઉત્કૃષ્ટ વિશ્વાસ રાખશે.

આ ઓર્ડર છે., શિક્ષક, પરંતુ તમે શ્રેષ્ઠ શું કરી શકો તે જુઓ. તે એક સરસ નાનો છોકરો છે અને તે મારો પુત્ર છે. અબ્રાહિમ લિંકનનો તેમના પુત્રના શિક્ષકને પ્રખ્યાત પત્ર.

# કોલેજગીત

અંધારા આઘા કરવા ને અજવાળાં પાથરવા માટે
ઊભી કરી અમે મહાશાળા પોતાના પરસેવા સાટે!
માટી અમારું કૂળ અને માટી અમારું મૂળ,
અમે કરીએ કૂચ, મારગામાં ભલે આવતી શૂળ!
આઘાને ઓરા કરવાને અમે વળીએ નિજ વાટે!
જ્ઞાનનાં પંથની મંઝિલ પણ જ્ઞાનની
અબુધ ભલે અમે પણ ખબર આત્મ સન્માનની
ફૂલ ખિલવીશું અમે વાડના પ્રત્યે કાંટે!
ખુલ્લી કિતાબ જેવા જીવન, ખુલ્લા નભ શા મન
સાચુકલા વિચાર વચ્ચે ટકતા ખડતલ તન,
વિદ્યાના આ પુનિત જળ આરે ઉછરે પેઢી ઘાટે ઘાટે!
આદિમ પળથી હવા વહે ને લહેરાયે જળનો રાશિ
અમે અસલ તલ અતલના માનુષ આદિવાસી
અમે ભીંજાઇએ મૂળનાં જળના છાંટે,
અંધારા આઘા કરવાને અજવાળાં પાથરવા માટે....

કવિ - વિનોદ ગાંધી













ગુજરાત આદિવાસી વિકાસ પરિષદ,દાહોદ સંચાલિત

# આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ

(0) 02675-220007

http://aaccsantrampur.gmail.com/

http://accsantrampur.com/